GS, MS અને C.S. પાઈપો
ગેલ્વેનાઈઝ તેમજ MS ચોરસ
અને લંબચોરસ પાઈપો
IBR પાઈપો અને IBR ફીટીંગ્સ
MS અને GI ફીટીંગ્સ અને વાલ્વ
ચેનલ એન્ગલ, બીમ, પ્લેટ
MUGATLAL B. & SONS
"મુગટ હાઉસ",
ઉધના મેઈનરોડ, ક્રિષ્ણા પેટ્રોલ પંપની બાજુની ગલીમાં સુરત.
● બ્રાન્ચ : પ્લોટ નં.-૬૦૫, રોડ નં.-૬, G.I.D.C., સચીન.
ફોન : ૨૩૬૮૬૧૧, ૨૩૪૨૪૭૦ (મો.) ૯૮૨૪૧૦૯૩૩૩ સચીન
● E-mail : info@mugatlalbsons.com ●

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
સરકારશ્રીની "માં કાર્ડ યોજના"
હેઠળ અનુભવી ડૉકટર્સ દ્વારા
જનરલ સર્જરી અને ENT સર્જરી
ફ્રી કરવામાં આવે છે.
કેશલેસ અને મેડીકલેઈમની સેવા ઉપલબ્ધ - ૨૪ કલાક ઈમરજન્સી
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

વડોદરા

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ અમાસ શનિવાર ૧૬ મે, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૭૩ પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# પેટ્રોલ, ડીઝલના ભાવમાં લિટરે રૂ. ૩નો વધારો

**અનેક** શહેરોમાં સીએનજીના ભાવમાં પણ કિલોએ રૂ. બેનો વધારો

**ઘરેલુ** એલપીજી, પીએનજીના ભાવમાં હાલ કોઇ વધારો નહીં



### એપ્રિલ ૨૦૨૨ પછી ભાવો વધારાયા ન હતા

લોકસભા ચૂંટણીના ઠીક પહેલા માર્ચ ૨૦૨૪માં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૨ રૂપિયાના એક વખતનો ઘટાડાને બાદ કરતાં, એપ્રિલ ૨૦૨૨થી ભાવો સ્થિર રાખવામાં આવ્યા હતા. આ અગાઉ છેલ્લે એપ્રિલ ૨૦૨૨માં ભાવો વધારવામાં આવ્યા હતા.

**નવી દિલ્હી, તા. 15 (PTI):** ઈરાન યુદ્ધના કારણે વૈશ્વિક સ્તરે ક્રૂડના વધતા ભાવોને પગલે, સરકારી માલિકીની ઈંધણ રિટેલર કંપનીઓને મહિનાઓ સુધી મહત્વના રાજ્યોની ચૂંટણીઓ દરમિયાન ભાવો સ્થિર રાખ્યા બાદ પોતાનું વધતું નુકસાન આંશિક રીતે ગ્રાહકો પર નાખવાની ફરજ પડી છે. આ કારણે શુક્રવારે ચાર વર્ષ કરતાં વધુ સમયમાં પહેલીવાર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પ્રતિ લીટર ૩ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે.

ઉદ્યોગના સૂત્રોના જણાવ્યા અનુસાર, આ વધારા સાથે નવી દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૯૪.૭૭ રૂપિયા પ્રતિ લીટરથી વધીને ૯૭.૭૭ રૂપિયા થઈ ગઈ છે, જ્યારે ડીઝલનો ભાવ ૮૭.૬૭ રૂપિયાથી વધીને ૯૦.૬૭ રૂપિયા પ્રતિ લીટર થયો છે. વેલ્યુ-એડેડ ટેક્સ(વેટ)માં તફાવત હોવાને કારણે અલગ-અલગ રાજ્યોમાં ઈંધણના ભાવ જુદા-જુદા હોય છે. દિલ્હી અને મુંબઈ સહિતના શહેરોમાં કોમ્પ્રેસ્ડ નેચરલ ગેસ(CNG)ના ભાવમાં પણ પ્રતિ કિલો ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. દિલ્હીમાં હવે સીએનજીની કિંમત ૭૯.૦૯ રૂપિયા પ્રતિ કિલો અને મુંબઈમાં ૮૪ રૂપિયા થઈ ગઈ છે. જો કે, રસોઈ માટે ઘરગથ્થુ રસોડામાં પાઈપ દ્વારા અપાતા નેચરલ ગેસ(PNG) તેમજ ઘરેલું રાંધણ ગેસ(LPG) ના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

૨૮ ફેબ્રુઆરીના રોજ ઈરાન પર અમેરિકા-ઈઝરાયેલના હુમલા અને ત્યારબાદ તેહરાનના વળતા પ્રહારોને કારણે વૈશ્વિક તેલ શિપમેન્ટ માટેના મુખ્ય માર્ગ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી તેલનો પુરવઠો ખોરવાતા વૈશ્વિક ક્રૂડના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઉછાળો આવ્યો છે. આ ઉછાળો હોવા છતાં, સરકારના જણાવ્યા અનુસાર સંવેદનશીલ ગ્રાહકોને વૈશ્વિક ઊર્જાના ઊંચા ભાવોથી બચાવવાના પ્રયાસરૂપે છૂટક ઈંધણના દરો બે વર્ષ જૂના ભાવ પર સ્થિર રાખવામાં આવ્યા હતા. પરંતુ વિરોધ પક્ષોએ આ પગલાં પાછળ રાજકીય હેતુઓ જોયા હતા કારણ કે મુખ્ય રાજ્યોમાં ચૂંટણીઓ ચાલી રહી હતી.

ચૂંટણીઓ પૂર્ણ થયા બાદ અને પશ્ચિમ બંગાળ સહિત પાંચમાંથી ત્રણ રાજ્યો જીતીને સત્તાધારી ભારતીય જનતા પાર્ટીએ પોતાનો પ્રભાવ વધાર્યા પછી ઈંધણના ભાવમાં આ વધારો કરવામાં આવ્યો છે.

આ વધારા પછી, પેટ્રોલ અને ડીઝલના ભાવ હવે મે ૨૦૨૨ પછીના સૌથી સર્વોચ્ચ સ્તરે પહોંચી ગયા છે. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ આ ભાવવધારા અંગે સરકાર પર પ્રહારો કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના વહીવટીતંત્રની ભૂલોની કિંમત જનતાને ચૂકવવાની ફરજ પડી રહી છે. ગાંધીએ એક્સ (X) પર એક પોસ્ટમાં જણાવ્યું કે, ભૂલ મોદી સરકારની, કિંમત જનતા ચૂકવશે. ૩ રૂપિયાનો આંચકો તો આવી ગયો છે, બાકીની 'વસૂલાત' હપ્તાઓમાં કરવામાં આવશે. બીજી તરફ ભાજપે આ નિર્ણયનો બચાવ કરતા કહ્યું કે, સરકારે ગ્રાહકોને વૈશ્વિક તેલના આંચકાથી બે મહિનાથી વધુ સમય સુધી બચાવી રાખ્યા અને માત્ર ૩.૨ થી ૩.૪ ટકાનો મર્યાદિત અને ગણતરીપૂર્વકનો વધારો જ લાગુ કર્યો છે. મુંબઈમાં હવે પેટ્રોલની કિંમત ૧૦૬.૬૮ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલની કિંમત ૯૩.૧૪ રૂપિયા પ્રતિ લીટર થઈ ગઈ છે. ઉદ્યોગના સૂત્રોએ જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઈલના ભાવમાં થયેલા વધારાની સરખામણીમાં આ ભાવવધારો ઘણો મામૂલી છે અને રિટેલર કંપનીઓ હજુ પણ મોટું નુકસાન વેઠી રહી છે.

ભારત માટે LPG સપ્લાય અને વ્યૂહાત્મક તેલ ભંડાર અંગે મહત્વની સમજૂતી

## મોદીની 2.5 કલાકની UAE મુલાકાત



**ભારતમાં** પાંચ અબજ ડોલરનું રોકાણ કરવાની યુએઇની જાહેરાત

**મોદીએ** યુએઇ પર થયેલા હુમલાઓ વખોડ્યા

**અઢી કલાકની** મુલાકાત પતાવી મોદી નેધરલેન્ડ જવા રવાના, અન્ય યુરોપિયન દેશોની મુલાકાતે પણ જશે

**અબુ ધાબી, તા. 15:** પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થાપવા માટે ભારત તમામ સંભવિત મદદ કરવા તૈયાર છે, તેમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે યુએઈના પ્રમુખ શેખ મોહમ્મદ બિન ઝાયદ અલ નાહયાન સાથેની તેમની વાતચીત દરમિયાન જણાવ્યું હતું. આ બેઠક દરમિયાન બંને પક્ષોએ ઉર્જા, સંરક્ષણ અને ટેક્નોલોજીના ક્ષેત્રોમાં વ્યૂહાત્મક સહયોગને મજબૂત કરવા માટે કરારો પર હસ્તાક્ષર કર્યા હતા. યુએઈએ ભારતમાં ૫ અબજ યુએસ ડોલરના રોકાણની જાહેરાત પણ કરી છે, તેમ મોદીએ જણાવ્યું હતું.

મોદી અને અલ નાહયાનની આ બેઠક વડાપ્રધાનના પાંચ દેશોના પ્રવાસના પ્રથમ તબક્કામાં ખાડી દેશમાં ઉતરાણ કર્યાના

...અનુસંધાન પાના 11 પર

### ભારત-યુએઇ વચ્ચે સાત મહત્વના કરાર

- **વ્યુહાત્મક પેટ્રોલિયમ રિઝર્વ કરારઃ**
- **મહત્વઃ** ઊર્જા સુરક્ષા વધશે, તેલ ભંડાર મજબૂત થશે, ભારતમાં LNG-LPG સ્ટોરેજ પર સહયોગ સંભવ બનશે.
- LPG સપ્લાય કરાર

...અનુસંધાન પાના 11 પર

## યુએઇમાં મોદીના વિમાનને એફ-૧૬ ફાઇટર જેટ વડે એસ્કોર્ટ કરાયું



**સન્માન** આપવા આમ કરવામાં આવ્યું

**મોદીનું** સ્વાગત કરવા એરપોર્ટ પર પ્રમુખ પોતે આવ્યા

અબુ ધાબી, તા. 15 (PTI): એક વિશેષ સન્માનના ભાગરૂપે, યુનાઈટેડ આરબ અમીરાત (UAE)ના એફ-૧૬ (F-16) ફાઈટર વિમાનોની એક ટુકડીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિમાનને તે શુક્રવારે આ ખાડી દેશના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું ત્યારે એસ્કોર્ટ કર્યું હતું.

UAEના પ્રમુખ શેખ મોહમ્મદ બિન જાયદ સાથેની તેમની મુલાકાત દરમિયાન મોદીએ જણાવ્યું હતું કે, "આજે તમારી વાયુસેનાએ જે રીતે મને એસ્કોર્ટ કર્યો તે ભારતના લોકો માટે એક સન્માનની વાત છે. છેલ્લા કેટલાક સમયથી આપણે ફોન પર વાત કરી રહ્યા હતા, પરંતુ હું તમને રૂબરૂ મળવા માટે ઉત્સુક હતો. આજે તમને મળીને મને ખૂબ આનંદ થયો છે."

રાજ્ય સંચાલિત 'વામ' (WAM) ન્યૂઝ એજન્સીના અહેવાલ મુજબ, વડાપ્રધાન મોદીને લઈને આવી રહેલું વિમાન જેવું UAE ના હવાઈ ક્ષેત્રમાં પ્રવેશ્યું, કે તરત જ તેને લશ્કરી વિમાનોની એક ટુકડી મળી હતી. અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, સ્કવોડ્રન લીડરે સ્વાગતના પ્રતીક રૂપે વિમાનને એરપોર્ટ સુધી એસ્કોર્ટ કરવાની પરવાનગી માંગી હતી. બંને દેશો વચ્ચેના ગાઢ મૈત્રીપૂર્ણ સંબંધોને દર્શાવતા, શેખ મોહમ્મદ બિન જાયદે વડાપ્રધાન મોદીનું આગમન પર જાતે સ્વાગત કર્યું હતું.

### એક હિન્દુ પક્ષકારની સુપ્રીમમાં કેવિયેટ

**નવી દિલ્હી, તા. 15 (PTI):** એક હિન્દુ પક્ષે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં કેવિયેટ દાખલ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભોજશાલા સંકુલ વિવાદ કેસમાં મધ્યપ્રદેશ હાઈકોર્ટના આદેશ સામેની કોઈપણ અપીલ પર તેની સુનાવણી કર્યા વિના કોઈ આદેશ પસાર ન કરવો જોઈએ.

નીચે સહી કરનારને નોટિસ આપ્યા વિના ઉપરોક્ત મામલે કોઈ આદેશ ન આપવો જોઈએ, જિતેન્દ્ર સિંહ 'વિશેન' દ્વારા એડવોકેટ બરુણ કુમાર સિંહા દ્વારા દાખલ કરાયેલી કેવિયેટમાં કહેવામાં આવ્યું છે.

શુક્રવારે ઈન્દોરમાં હાઈકોર્ટની બેન્ચે જે કેસમાં નિર્ણય આપ્યો હતો તેમાં વિશેન છઠ્ઠા અરજદાર હતા.

હિન્દુ પક્ષ માટે મોટી જીતમાં, મધ્યપ્રદેશ હાઈકોર્ટે શુક્રવારે જાહેર કર્યું કે ધાર જિલ્લામાં વિવાદિત ભોજશાલા સંકુલ દેવી સરસ્વતીને સમર્પિત મંદિર હતું, અને કેન્દ્ર અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ તેના વહીવટ અને સંચાલન અંગે નિર્ણય લઈ શકે છે.

## ભોજશાલાના સ્થળને મંદિર જાહેર કરતી મધ્ય પ્રદેશ હાઇકોર્ટ

**વિવાદિત** સંકુલ 'સરસ્વતી મંદિર' જાહેર, આ સ્થળે મુસ્લિમોને શુક્રવારની નમાઝ પઢવાની છૂટ આપતો ASIનો આદેશ રદ

**મસ્જિદ** બાંધવા માટે અલગ જમીનની માગણી રાજ્ય સરકાર સમક્ષ કરવા મુસ્લિમ સમુદાયને છૂટ

**હાઇકોર્ટના** ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની મુસ્લિમ પક્ષકારોની જાહેરાત



**ઈન્દોર, તા. 15 (PTI):** હિન્દુ પક્ષ માટે એક મોટી જીતમાં, મધ્ય પ્રદેશ હાઈકોર્ટે શુક્રવારે જાહેર કર્યું કે ધાર જિલ્લામાં આવેલું વિવાદિત ભોજશાલા સંકુલ દેવી સરસ્વતીને સમર્પિત એક મંદિર છે, અને કેન્દ્ર સરકાર તથા ASI (ભારતીય પુરાતત્વ વિભાગ) તેના વહીવટ અને સંચાલન અંગે નિર્ણય લઈ શકે છે.

હાઈકોર્ટની ઈન્દોર બેન્ચે પુરાતત્વ સર્વેક્ષણ(ASI)ના ૭ એપ્રિલ, ૨૦૦૩ના એ આદેશને પણ રદ કરી દીધો છે, જેમાં મુસ્લિમોને દર શુક્રવારે ભોજશાલા સંકુલની અંદર નમાઝ પઢવાની મંજૂરી આપવામાં આવી હતી. આ મામલાની સુનાવણી કરી રહેલી બેન્ચે એમ પણ કહ્યું કે, મુસ્લિમ સમુદાય – જે આ ૧૧મી સદીના, ASI-સંરક્ષિત સ્મારકને કમાલ મૌલા મસ્જિદ કહેતો હતો

...અનુસંધાન પાના 11 પર

## ચાંદીમાં 21,600નો જંગી ઘટાડો

**સોનામાં** 3,200નું ગાબડું, બંને ધાતુઓમાં નિકળેલી નફાવસૂલીની અસર

**ડોલર** મજબૂત થતા રોકાણકારો તેના તરફ વળતા તેની પણ અસર દેખાઇ

**નવી દિલ્હી, તા. 15 (PTI):** મજબૂત અમેરિકી ડોલર અને રોકાણકારો દ્વારા કરવામાં આવેલી ભારે નફો બુક કરવાની પ્રક્રિયાને કારણે રાષ્ટ્રીય પાટનગરમાં શુક્રવારે ચાંદીના ભાવમાં રૂ. ૨૧,૬૦૦નો મોટો કડાકો બોલાતા તે રૂ. ૨.૭૫ લાખ પ્રતિ કિલો પર પહોંચી ગઈ હતી, જ્યારે સોનાનો ભાવ રૂ. ૩,૨૦૦ ઘટીને રૂ. ૧.૬૨ લાખ પ્રતિ ૧૦ ગ્રામ થયો હતો.

ઓલ ઈન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતા સોનાનો ભાવ રૂ. ૩,૨૦૦ અથવા ૧.૯૩ ટકા ઘટીને રૂ. ૧,૬૨,૮૦૦ પ્રતિ ૧૦ ગ્રામ(તમામ વેરા સહિત) થયો હતો, જે ગુરુવારે બંધ સત્રમાં રૂ. ૧,૬૬,૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ હતો. ચાંદીના ભાવમાં પણ રૂ. ૨૧,૬૦૦ અથવા ૭.૩ ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો અને તે રૂ. ૨,૭૫,૦૦૦ પ્રતિ કિલો(તમામ વેરા સહિત) પર આવી ગઈ હતી. આ શ્વેત ધાતુ અગાઉના સત્રમાં રૂ. ૨,૯૬,૬૦૦ પ્રતિ કિલો પર બંધ થઈ હતી.

HDFC સિક્યોરિટીઝના કોમોડિટીઝ વિભાગના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ જણાવ્યું હતું કે, શુક્રવારે કિંમતી ધાતુઓ પર ભારે વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું. સ્થાનિક બજારમાં આવેલો આ તીવ્ર ઘટાડો વૈશ્વિક બજારોની નબળાઈને દર્શાવે છે, જ્યાં હાજર સોનું ૧૦૪ યુએસ ડોલર અથવા ૨.૨૪ ટકા ઘટીને ૪,૫૪૮.4૬ યુએસ ડોલર પ્રતિ ઔંસ થયું હતું, જ્યારે ચાંદી ૫.૨૬ યુએસ ડોલર અથવા ૬.૩૧ ટકા ઘટીને ૭૮.૨૧ યુએસ ડોલર પ્રતિ ઔંસ પર પહોંચી ગઈ હતી. LKP સિક્યોરિટીઝના કોમોડિટી એન્ડ કરન્સી વિભાગના વીપી રિસર્ચ એનાલિસ્ટ જતીન ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને મજબૂત ડોલર ઈન્ડેક્સને કારણે બુલિયન સેન્ટિમેન્ટ પ્રભાવિત થયું હતું, જેના લીધે સોનાના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો.

...અનુસંધાન પાના 11 પર

## ચોમાસુ આ વર્ષે ચાર દિવસ વહેલું શરૂ થશે

**કેરળમાં** ૨૬મી મેએ નેઋત્યનું ચોમાસુ આવી પહોંચવાની હવામાન વિભાગની આગાહી

**જો કે** અલ-નીનોને કારણે આ વર્ષે વરસાદ ઓછો થવાની શક્યતા છે

**નવી દિલ્હી, 15 (PTI):** ભારતીય હવામાન વિભાગ (IMD) એ શુક્રવારે તેની આગાહીમાં જણાવ્યું છે કે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૨૬ મેના રોજ કેરળમાં વહેલું દસ્તક દે તેવી સંભાવના છે.

મુખ્ય વરસાદી પ્રણાલી ગણાતું ચોમાસું સામાન્ય રીતે ૧ જૂનની આસપાસ કેરળ પહોંચે છે અને દેશના અન્ય ભાગોને આવરી લેવા માટે ઉત્તર તરફ આગળ વધે છે. રાજ્યમાં ચોમાસાની શરૂઆત એ દક્ષિણ-પશ્ચિમ ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર)ની શરૂઆત દર્શાવે છે. ગયા વર્ષે ૨૪ મેના રોજ ચોમાસાનું આગમન થયું હતું.

IMD એ જણાવ્યું કે, આ વર્ષે, દક્ષિણ-પશ્ચિમ ચોમાસું મોડલની ૪ દિવસની મોડેલ એરર(ચાર દિવસ વહેલા અથવા મોડું) સાથે ૨૬ મેના રોજ કેરળમાં બેસે તેવી સંભાવના છે. હવામાન કચેરીએ વધુમાં ઉમેર્યું હતું કે આગામી ૨૪ કલાક દરમિયાન દક્ષિણ બંગાળની ખાડી, આંદામાન સમુદ્ર અને આંદામાન અને નિકોબાર

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૫-૦૫-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૬° સે. | ૨૮.૮° સે. | ૩૧% |

## NEET-UGની ફેર પરીક્ષા ૨૧મી જૂનના રોજ લેવાશે

**આવતા** વર્ષથી આ પરીક્ષા કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ તરીકે લેવાની કેન્દ્રીય શિક્ષણ મંત્રીની જાહેરાત

**નવી દિલ્હી, 15 (PTI):** કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને શુક્રવારે જાહેરાત કરી હતી કે NEET-UGની ફરીથી પરીક્ષા ૨૧ જૂને લેવામાં આવશે, અને જણાવ્યું હતું કે આ તબીબી પ્રવેશ પરીક્ષા સાથે જોડાયેલી ગેરરીતિઓના આરોપોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલા સુધારાના ભાગરૂપે આગામી વર્ષથી આ પરીક્ષા કોમ્પ્યુટર આધારિત ટેસ્ટ (CBT) તરીકે લેવામાં આવશે.

પત્રકાર પરિષદને સંબોધતા પ્રધાને જણાવ્યું હતું કે સરકારની સૌથી પહેલી પ્રાથમિકતા વિદ્યાર્થીઓ અને તેમનું ભવિષ્ય છે. તેમણે કહ્યું કે NEET-UGના આયોજનમાં સામે આવેલી ગેરરીતિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આપણી સર્વોચ્ચ પ્રાથમિકતા વિદ્યાર્થીઓનું ભવિષ્ય છે. આ વખતે આપણે કોઈ પણ પ્રકારની ગેરરીતિ થવા દઈશું નહીં. સરકાર તમારી સાથે છે એમ તેમણે જણાવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે ૩ મેના રોજ યોજાયેલી NEET-UG પરીક્ષા પ્રક્રિયામાં ગેરરીતિઓના આક્ષેપો બાદ રદ કરવામાં આવી હતી.

તેમણે જણાવ્યું હતું કે નેશનલ ટેસ્ટિંગ એજન્સી(NTA)ની ફરિયાદ નિવારણ પ્રણાલી દ્વારા ગેસ પેપર્સ સાથે કથિત રીતે પ્રશ્નો મળી આવવા અંગે વાંધાઓ પ્રાપ્ત થયા પછી આ મુદ્દો પ્રકાશમાં આવ્યો હતો, ત્યારબાદ તપાસ શરૂ કરવામાં આવી હતી. આ પ્રક્રિયા ૮ મેના રોજ શરૂ થઈ હતી અને ૮, ૯, ૧૦ અને ૧૧

...અનુસંધાન પાના 11 પર